RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 144* Date: 22.03.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૪૩,૮૪૫ પોઝિટિવ કેસ, ૧૯૭ના મોત

# કોરોના બેકાબૂ: દેશમાં એક્ટિવ કેસ 3 લાખને પાર

ન્યુ દિલ્હી,તા.૨૧

ભારતમાં સતત બીજા દિવસે કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ને પાર ગયો છે. પાછલા ૨૪ કલાકમાં મૃત્યુઆંક ૨૦૦ની નજીક પહોંચ્યો. જયારે સતત નવા કેસની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસનો આંકડો આખરે ફરી ૩ લાખને પાર થઈ ગયો છે. સતત નવા કેસ અને મૃત્યુઆંક વધવાના કારણે પાછલા વર્ષે જે રીતે કોરોનાના કેસ વધતા હતા તેના કરતા ઝડપથી કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. એકલા મહારાષ્ટ્રમાં જ ૯૦ કરતા વધુ લોકોએ એક જ દિવસમાં કોરોના સામે દમ તોડ્યો છે. આ સાથે દેશમાં એક્ટિવ કેસોનો આંકડો ફરીથી ૩ લાખની પાર પહોંચ્યો છે. આજે નોંધાયેલા કોરોના કેસોનો આંકડો આ વર્ષમાં અત્યાર સુધીનો સૌથી વધુ છે. ભારતમાં અત્યાર સુધી ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોનાની રસી લગાવવામાં આવી છે.

રવિવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં પાછલા ૨૪ કલાકમાં વધુ ૪૩,૮૪૬ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેની સામે ૨૨,૯૫૬ દર્દીઓ સાજા થયા છે.



ભારતમાં કોરોના વાયરસના કુલ કેસની સંખ્યા વધીને ૧,૧૫,૯૯,૧૩૦ પર પહોંચી ગઈ છે. જયારે કુલ ૧,૧૧,૩૦,૨૮૮ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થઈ ગયા છે. ફેબ્રુઆરી બાદ નવા કેસની સંખ્યામાં સતત વધારો થવાની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઓછી રહેવાના લીધે દેશમાં એક્ટિવ કેસનો આંકડો ૩ લાખને પાર કરીને ૩,૦૯,૦૮૭ પર પહોંચી ગયો

### દેશમાં ૧૧૫ દિવસ બાદ કોરોનાના દૈનિક કેસોમાં રેકોર્ડ ઉછાળો જોવા મળ્યો, એકલા મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે એક દિવસમાં ૯૨ લોકોએ જીવ ગુમાવ્યો

છે. એક સમય આ આંકડો એક લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતો જોકે, મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, દિલ્હી સહિતના રાજ્યોમાં નવા કેસની સંખ્યા વધવાથી એક્ટિવ કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૧૯૭ દર્દીઓએ કોરોના સામે દમ તોડ્યો છે, જેની સાથે દેશનો કુલ મૃત્યુઆંક વધીને ૧,૫૯.૭૫૫ થઈ ગયો છે. ભારતમાં નોંધાતા નવા કેસનો આંકડો ૧૧૫ દિવસ પછી નવો રેકોર્ડ તોડ્યો છે. ૨૪ કલાકમાં નોંધાયેલા ૧૯૭ મૃત્યુઆંક સાથે ૯૭ દિવસ જૂનો રેકોર્ડ તૂટ્યો છે. દેશમાં સૌથી ખરાબ સ્થિતિ મહારાષ્ટ્રની છે જ્યાં ૨૪ કલાકમાં ૧૩,૪૪૬ નવા કેસ નોંધાયા છે, અને વધુ ૯૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે.

ભારતમાં અત્યાર સુધીમાં ૪,૪૬,૦૩,૮૪૧ લોકોને કોરોના વાયરસના ડોઝ આપવામાં આવ્યા છે. હાલ દેશમાં ૪૫ વર્ષથી વધુની ઉંમરના ગંભીર બીમારીથી પીડાતા અને ૬૦ વર્ષથી વધુની ઉંમરના નાગરિકોને રસીના ડોઝ આપવામાં આવી રહ્યા છે.

ICMR મુજબ ૨૩,૩૫,૬૫,૧૧૯ લોકોના કોરોના ટેસ્ટ માટે ૨૦ માર્ચ સુધીમાં સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૧,૩૩,૬૦૨ લોકોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સરકારમાં ટૂરિઝ્મ અને પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરે કોરોના સંક્રમિત થઈ ગયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના દીકરા આદિત્ય ઠાકરેએ શનિવારે સાંજે ટ્વીટ કરી જણાવ્યું કે કોવિડના કેટલાક લક્ષણ દેખાવા પર મેં મારો ટેસ્ટ કરાવ્યો હતો, આજે તેનો રિપોર્ટ આવ્યો છે. હું કોરોના પોઝિટિવ મળી આવ્યો છું, મારા સંપર્કમાં આવ્યા હોય તેવા લોકોને કોરોનાનો ટેસ્ટ કરાવી લેવા અપીલ કરું છું.

## 'હમકો તો બસ તલાશ નએ રાસ્તોં કી હે...: સંજય રાઉતના ટ્વિટથી હલચલ



મુંબઈ,તા.૨૧

એન્ટીલિયા કેસની તપાસની આંચ હવે મહારાષ્ટ્ર સરકાર સુધી પહોંચી ગઈ છે. મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમવીર સિંહે વસૂલી ટાર્ગેટને લઈને ગંભીર આરોપો લગાવ્યા છે જેથી ઉદ્ધવ સરકારમાં ગૃહમંત્રી અનિલ દેશમુખની ખુરશી જોખમમાં આવી ગઈ છે. ઉપરાંત મહારાષ્ટ્રની ગઠબંધન સરકારમાં પણ હલચલ વ્યાપી છે. આ બધા વચ્ચે શિવસેનાના સાંસદ સંજય રાઉતે રવિવારે સવારે આ કેસને લઈને શાયરાના અંદાજમાં ટ્વીટ કરી છે.

રાઉતે ગીતકાર જાવેદ અખ્તરની એક શાયરીને ટ્વીટ કરીને લખ્યું હતું કે, 'શુભ પ્રભાત, અમને તો ફક્ત નવા રસ્તાની તલાશ છે, અમે એવા મુસાફર છીએ જે મંજિલથી આવ્યા છીએ.'રાઉતનો શેર-શાયરી મારફતે સંદેશ આપ્યો હોય તેવું કહીં પહેલીવાર નથી. જ્યારે જ્યારે મહારાષ્ટ્રમાં સરકાર બનાવવાની ખેંચતાણ ચાલી રહી હોય ત્યારે ત્યારે તેમનો શાયરાના અંદાજ સામે આવે છે. રાઉતના વર્તમાન ટ્વિટનો શું અર્થ તેઓ રાઉત પોતે જ જાણે. પરંતુ હાલ તો પાર્ટીની સત્તાવાર પ્રતિક્રિયા તો એ જ છે કે મહા વિકાસ અઘાડી સરકાર આ મુદ્દે ચર્ચા કરશે.

## પાકિસ્તાન વડાપ્રધાન ઇમરાન બાદ પત્ની પણ કોરોના પોઝિટિવ

ઈસ્લામાબાદ,તા.૨૧

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનને ચીનની રસી લીધા બાદ કોરોનાનું સંક્રમણ લાગ્યા બાદ હવે તેમની પત્ની બેગમ બુશરા બીબી પણ પોઝિટિવ આવ્યા છે. સ્વાસ્થ્ય બાબતો પર પાકિસ્તાનના પ્રધાનમંત્રીના વિશેષ સલાહકાર ફૈઝલ સુલ્તાને જાણકારી આપતા કહ્યું હતું કે, ઈમરાન ખાન પોતે આઈસોલેત થઈ ગયા છે.ઈમરાન ખાને બે દિવસ પહેલા જ ગુરૂવારે ચીનની કોરોના વાયરસની વેક્સીન લીધી હતી. આ વેક્સીન લીધા બાદ જ ઈમરાન ખાન કોરોના સંક્રમિત થતા ફરી એકવાર ચીનની રસીની વિશ્વસનીયતા પર ગંભીર સવાલ ઉભા થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈમરાન ખાનના જલદી સાજા થવાની કામના કરી છે.

### રાજીનામાનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રી જ કરશે

## દેશમુખના ભાવિનો નિર્ણય ટૂંક સમયમાં,પરમબીરે લગાવેલા આરોપો ગંભીર: પવાર

ન્યુ દિલ્હી,તા.૨૧

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય ઘમાસાણ વચ્ચે એનસીપી ચીફ શરદ પવારે રાજયના ગૃહમંત્રીને તત્કાળ અસરથી હટાવવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. તેમણે સ્વિકાર્યું હતું કે, દેશમુખ પર ગંભીર આરોપ જરૂર લાગ્યા છે પરંતુ તેમના રાજીનામાને લઈને અંતિમ નિર્ણય તો મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે જ કરશે. સાથે એમ પણ કહ્યું હતુ કે, આ પ્રકરણથી સરકારની છબીને કોઈ નુંકશાન પહીં પહોંચે.

શરદ પવારે મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહ પર વિવાદાસ્પદ પોલીસ અધિકારી સચિન વાઝેની ફરીથી



પોલીસ્ ફોર્સમાં નિમણૂંક કરવાના પણ આરોપ લગાવ્યા હતાં. તેવી જ રીતે પરમબીર સિંહે સીએમ ઓફિસને લખેલા પત્રમાં તેમના હસ્તાક્ષર ના હોવાનું પણ જણાવીને આડકતરી રીતે પત્ર પર જ શંકા સેવી દીધી હતી.શરદ પવારે આજે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પ્રકરણમાં સ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, પૂર્વ પોલીસ કમિશ્નર પરમબીર સિંહે ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ગંભીર આરોપ લગાવ્યા છે. દેશમુખ પર લગાવવામાં આવેલા આરપોના કોઈ પુરાવા આપવામાં આવ્યા નથી. સિંહના આ પત્રમાં એ સ્પષ્ટ નથી કરવામાં આવ્યું કે, આ પૈસા કોની પાસે ગયા. સાથે જ પત્ર પર પરમબિર સિંહના હસ્તાક્ષર પણ નથી.પવારે કહ્યું હતું કે, રાજ્યના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ૧૦૦ કરોડ રૂપિયાની વસુલી કરવાના ગંભીર આરોપ લગાવ્યા છે. પરંતુ સચિન વાઝેને પાછો પોલીસમાં લેવાને લઈને કહ્યું હતું કે, વાઝેને પાછો મુખ્યમંત્રી કે ગૃહમંત્રીએ નહીં પોલીસ કમિશ્નર પરમબીર સિંહે જ લીધો હતો.

શરદ પવારે કહ્યું હતું કે, મુખ્યમંત્રી પાસે નિર્ણય લેવાનો અધિકાર છે. પરમબીર સિંહે કમિશ્નર પદે રહેતા ગૃહમંત્રી પર આરોપ નહોતા લગાવ્યા. આ મામલે તપાસ બાદ જ મુખ્યમંત્રી કોઈ નિર્ણય લેશે. તેમણે કહ્યું હતું કે, આ આરોપની સરકારની છબી પર કોઈ જ અસર નહીં પડે. જોકે સરકારને અસ્થિર કરવાના પ્રયાસ જરૂર હોઈ શકે છે. પવારે કહ્યું હતું કે, આગામી બે-ત્રણ દિવસમાં અનિલ દેશમુખને લઈને જરૂર કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે. મુખ્યમંત્રી અને પાર્ટી નેતાઓ સાથે વાતચીત બાદ કોઈ નિર્ણય લેવામાં આવશે. પવારે આ કેસની જુલિયા રિબેરો પાસે તપાસ કરાવવાની માંગણી કરી છે. જુલિયા રિબેરો મહારાષ્ટ્રના જાણીતા અને સ્વચ્છ છબી ધરાવતા પોલીસ અધિકારી રહી ચુક્યા છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૧૫૮૦**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૮૭૦૦૯**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૭**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૯૮૯**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૭૫૩૩૮**

### વડાપ્રધાન મોદી સોનાર બાંગ્લા બનાવવા માંગે છે

## મમતા દીદી પોતાના ભત્રીજાને મુખ્યમંત્રી બનાવવા માંગે છે: શાહ

પૂર્વી મેદિનીપુર,તા.૨૧

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ પશ્ચિમ બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલ કૉંગ્રેસ પર નિશાન સાધતા રવિવારે કહ્યું કે, રાજયની મુખ્યમંત્રી મમતા બેનર્જીનો ઉદ્દેશ્ય ચૂંટણી જીતીને પોતાના ભત્રીજા અભિષેક બેનર્જીને મુખ્યમંત્રી બનાવવાનો છે જયારે બીજેપીનું લક્ષ્ય રાજયનું જૂનું ગૌરવ પરત લાવવું અને 'સોનાર બાંગ્લા'નું નિર્માણ કરવાનું છે.

અમિત શાહે ચૂંટણી રેલીને સંબોધિત કરતાં કહ્યું કે, રાજ્યમાં બીજેપીની સરકાર રચાયા બાદ તેઓ રાજયના કર્મચારીઓ માટે સાતમું પગાર પંચ લાગુ કરશે, ઉપરાંત એવી નીતિ લાવશે જેથી રોજગાર માટે યુવાઓને બહાર



જવાનું વલણ નહીં રાખવું પડે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, આપે અનેક વર્ષો સુધી ડાબેરીઓની સરકારને ચૂંટી અને પછી તમે દીદીને સરકાર સોંપી. પરંતુ તેમાંથી કોઈએ બંગાળનું સારું નથી કર્યું. અહીં દરેક કામ માટે કટમની આપવી પડે છે, તોડબાજી થઈ રહી છે. તેઓએ કહ્યું કે ડાબેરી શાસનથી કંટાળીને રાજયની જનતાએ ખૂબ જ આશાઓ સાથે તૃણમૂલ કૉંગ્રેસને પસંદ કરી હતી કારણ કે દીદીએ પરિવર્તનનો વાયદો કર્યો હતો.

અમિત શાહે લોકોને પૂછ્યું કે શું છેલ્લા ૧૦ વર્ષમાં અહીં પરિવર્તન આવ્યું છે? તેઓએ કહ્યું કે, રાજયમાં ઘૂસણખોરી સતત ચાલુ જ છે. કોઈ ફેરફાર નથી આવ્યો. મમતા દીદી શું બંગાળને ઘૂસણખોરીથી મુક્તિ અપાવી શકે છે? નહીં અપાવી શકે...અમારી સરકાર બની તો અમે રાજયને ઘૂસણખોરોથી મુક્ત કરાવીશું.

તેઓએ વધુમાં કહ્યું કે, અમે નક્કી કર્યું છે કે એવી સરકાર લાવીશું, જેના કારણે બંગાળના યુવાઓએ બંગાળની બહાર રોજગાર માટે નહીં જવું પડે. આ જે તુષ્ટિકરણ અને ઘૂસણખોરી થઈ રહી છે, તેને પણ રોકવાનું કામ બીજેપીની સરકાર કરશે.

## કોંગ્રેસ એટલે હિંસા-અલગાવવાદ-ભ્રષ્ટાચાર-ગોટાળાની ગેરંટી: મોદી

ગૌહાટી,તા.૨૧

આસામની વિધાનસભા ચૂંટણી માટે ચાલી રહેલા ચૂંટણી પ્રચાર વચ્ચે આજે પીએમ મોદીએ એક ચૂંટણી સભાને સંબોધન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, આસામમાં બીજી વખત ભાજપની સરકાર બની રહી છે તે નક્કી છે.ફરી વખત આસામમાં અને કેન્દ્રમાં ભાજપ એમ ડબલ એન્જિનની સરકાર બનવા જઈ રહી છે.

અહીંના લોકોએ ભાજપને જે જવાબદારી આપી હતી તેને પૂરી કરવા માટે અમે તન તોડ મહેનત કરી છે.અમારી સરકારે બ્રહ્મપુત્રા નદી પર પુલો બનાવ્યા છે અને જે અધુરા પુલ હતા તેનુ નિર્માણ પુરુ કર્યુ છે.આસામમાં પર્યાવરણને સાચવવામાં પણ સરકારે ધ્યાન આપ્યુ છે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોંગ્રેસના રાજમાં સવાલ હતો કે, અશાંતિમાં ઘેરાયેલા આસામમાં શાંતિ આવશે કે નહી પણ ભાજપની સરકારે અહીંયા શાંતિ અને સ્થિરતા આપી છે. આસામ દર્શન હેઠળ રાજયમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આસામ એક બહુ મોટી શક્તિ છે અને આમ છતા કોંગ્રેસે તે શક્તિનો ઉપયોગ કર્યો નથી. આજે રાજયમાં અને કેન્દ્રમાં ભાજપની સરકાર હોવાથી રાજ્યમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે પણ કોંગ્રેસના નેતાઓને ખાલી સત્તા સાથે મતલબ છે અને કોંગ્રેસને કોઈ પણ ભોગે સત્તા જોઈએ છે.હકીકત એ છે કે, કોંગ્રેસનો ખજાનો ખાલી થઈ ગયો છે અને તેને ભરવા માટે તેને સત્તા જોઈએ છે.

તેમણે કહ્યુ હતુ કે, પચાસ વર્ષ સુધી રાજયમાં શાસન કરનારાઓ આજે આસામને પાંચ ગેરંટી આપીર હ્યા છે પણ આસામના લોકો તેમની રગે રગ જાણે છે.કોંગ્રેસને ખોટા વાયદા કરવાની આદત પડી ગઈ છે.કોંગ્રેસનો અર્થ જ બોગસ વાયદા, અસ્થિરતા, બોમ્બ અ્ને બંદુકનુ રાજ, હિંસા અને અલગાવવાદ થાય છે.કોંગ્રેસ એટલે ભ્રષ્ટાચાર અને ગોટાળાઓની ગેરંટી છે.

તેમણે કહ્યુ હતુ કે, સત્તા માટે કોંગ્રેસ કોઈ પણ પાર્ટી સાથે સમાધાન કરવા માટે તૈયાર છે.એક રાજયમાં તેઓ ડાબેરીઓને ગાળો આપ છે અન્ એક રાજયમાં ચૂંટણી લડવા ડાબેરીઓ સાથે જોડાણ કરે છે.માટે જ હવે દેશના લોકોને કોંગ્રેસ પર ભરોસો નથી રહ્યો.

## તંત્રી સ્થાનેથી...

# જાણો શા માટે પીવું જોઈએ માટલાનું પાણી?

**ગરીબોનું ફ્રિજ એટલે કે માટલાનું પાણી સ્વાસ્થ્ય માટે અમૃત છે, પરંતુ તેને એમજ અમૃત નથી કહેવામા આવતું, હકીકતમાં માટલાનું પાણી આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક છે, તમે પણ તેના ફાયદા જાણીને માટલાનું પાણી પીવાનું શરૂ કરી દેશો. માટીના વાસણોનો ઉપયોગ ભારતીય ઘરોમાં પોઢીઓથી પાણી સંગ્રહ કરવા માટે કરવામાં આવે છે.**

**આજે પણ કેટલાક લોકો એવા છે જે આ જ માટીમાંથી બનાવેલા વાસણોમાં પાણી પીવે છે. આવા લોકો માને છે કે માટીની ધીમી ધીમી સુગંધને કારણે અને પીવાના ફાયદાઓ અને આનંદ કંઈક અલગ જ હોઈ છે. ખરેખર, માટીમાં ઘણા પ્રકારના રોગો સામે લડવાની ક્ષમતા છે. નિષ્ણાતના કહેવા પ્રમાણે, જો માટી ના વાસણમાં પાણી રાખવામાં આવે તો તે માટીનો ગુણધર્મ મેળવે છે. તેથી ઘડામાં રાખેલું પાણી આપણા સ્વાસ્થ્યને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.**

**માટલાનું પાણી ચયાપચયની ક્રિયામાં વધારો કરે**

**માટેનું પાણી નિયમિત રીતે પીવાથી રોગપ્રતિકારક શક્તિને વેગ મળે છે.પ્લાસ્ટિકની બોટલોમાં પાણીનો સંગ્રહ કરીને તેમાં પ્લાસ્ટિકની અશુદ્ધિઓ એકત્રિત થાઈ છે અને તે પાણીને અશુદ્ધ કરે છે. ઉપરાંત એવું પણ જાણવા મળ્યું છે કે માટીના વાસણમાં પાણી રાખવાથી ટેસ્ટોસ્ટેરોન સ્તરમાં વધારો થાય છે.**

**માટીનું પાણી રાખે પીએચ સ્તરને સંતુલિત**

**માટીનું પાણી પીવાનો બીજો મોટો ફાયદો એ છે કે તેમાં જમીનમાં ક્ષારયુક્ત ગુણધર્મો છે. આલ્કલાઇન પાણીની અમાલતા ની સાથે તે યોગ્ય પીએચ સંતુલન પ્રદાન કરે છે. આ પાણી પીવાથી એસિડિટીને રોકવામાં અને પેટના દુખાવાથી રાહત મળે છે.**

**ગળાની સમસ્યાઓનો ઈલાજ**

**સામાન્ય રીતે આપણે ઉનાળામાં ઠંડુ પાણી પીવાની ઈચ્છા રાખીએ છીએ. આપડે ઠંડુ પાણી પીએ છીએ પરંતુ તે ખૂબજ ઠંડુ હોવાને કારણે તે ગળા અને શરીરના ભાગોને સંપૂર્ણપણે ઠંડુ કરે છે અને તેનાથી શરીર પર ખરાબ અસર પડે છે. આના કારણે ગળાના કોષોનું તાપમાન અચાનક નીચે આવી જાય છે, જેના કારણે રોગ થાય છે. જેના કારણે ગળું પાકાવા લાગે છે અને ગ્રંથીઓ ફૂલી જવા માંડે છે પરિણામે તે શરીરના કાર્યોમાં અવરોધ શરૂ કરે છે. જ્યારે માટલાનું પાણી ગળા પર શાંત પ્રભાવ આપે છે.**

**ગર્ભવતી મહિલાઓ માટે માટીનું પાણી ફાયદાકારક છે**

**ગર્ભધારણ કરનારી સ્ત્રીઓને ઠંડુ પાણી પીવાની સલાહ આપવામાં આવતી નથી. તેઓને માત્ર ઘડાનું પાણી પીવાનું કહેવામાં આવે છે. આમાં રાખેલું પાણી તેમના સ્વાસ્થ્ય માટે તો સારું છે. આ સિવાય માટીના ઘડામાં માટીની ભીની સુગંધ ભળવાથી તેમને સારું પણ લાગે છે.**

**માટલાનું પાણી વાત દોષને સંતુલિત કરે છે**

**ઉનાળામાં લોકો ફ્રિજ નું ઠંડુ અથવા બરફનું પાણી પીવે છે, જેની તાસીર ગરમ હોઈ છે. તેનાથી વાત પણ વધે છે. ઠંડુ પાણી પીવાથી કબજિયાત થાય છે અને ઘણી વખત ગળું પણ દુખે છે. વધારે ઠંડી ન હોવાને કારણે વાતમાં વધારો થતો નથી અને તેના પાણીથી સંતોષ મળે છે. માટીને રંગવામાં ગેરુ રંગનો ઉપયોગ કરવામાં આવે છે જે ઉનાળામાં ઠંડક પ્રદાન કરે છે. માટલાનું પાણી પીવાથી કબજિયાત અથવા તો ગળાના દુખાવાની સમસ્યાઓ થતી નથી.**

**માટીના વાસણ શોષી લે છે ઝેરીલા પદાર્થ**

**માટીમાં શુદ્ધિકરણ ગુણધર્મો છે. પાણીમાં બધા જરૂરી સુક્ષ્મ પોષકતત્ત્વો જોવા મળે છે. તે બધા ઝેરી પદાર્થોને શોષી લે છે. પાણી યોગ્ય તાપમાન પર રહે છે, ન તો ખૂબ ઠંડુ અથવા ખૂબ ગરમ. માટીના ઘડામાં માઇક્રોસ્કોપિક છિદ્રો હોય છે. આ છિદ્રો એટલા સૂક્ષ્મ છે કે તે નગ્ન આંખોથી જોઇ શકાતા નથી. પાણીની ઠંડક બાષ્પીભવનની ક્રિયા પર આધારિત છે. વધુ બાષ્પીભવન વધારે ઠંડુ પાણી આપે છે. માટીના વાસણનું પાણી આ નાના નાના છિદ્રોમાંથી બહાર આવતું રહે છે. ગરમીને લીધે પાણી વરાળ થઈ જાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં, માટીના ઘડાના તાપમાનમાં ઘટાડો થાય છે અને પાણી ઠંડું રહે છે.**

# ત્રણ વખત લેન્ડિંગ ફેલ થતા એક કલાક સુધી વિમાને હવામાં ચક્કર મારી

જેસલમેર,તા.૨૧

અમદાવાદથી જેસલમેર જતી ફ્લાઈટને તકનીકી કારણસર જેસલમેર વિમાન મથકના રનવે પર ઉતરાણ વખતે મુશ્કેલી પડતા મુસાફરોનો શ્વાસ અટકી ગયો હતો. પાયલટે ૩ વખત અલગ-અલગ રીતે લેન્ડિંગનો પ્રયત્ન કર્યો તેમ છતાં અસફળતા મળી હતી. આ કારણે આશરે એકાદ કલાક સુધી વિમાન હવામાં રહેતા મુસાફરો ડરી ગયા હતા અને કેટલાક લોકો રડવા લાગ્યા હતા.

બાદમાં વિમાનને ફરીથી અમદાવાદ લાવવામાં આવ્યું હતું અને સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ત્યાર પછી બે કલાક રહીને બીજા પાયલટ દ્વારા વિમાનને જેસલમેર મોકલવામાં આવ્યું હતું અને મોડી સાંજે જેસલમેરના રનવે પર સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. શનિવારે બપોરે ૧૨ કલાકે જેસલમેર પહોંચીને પાયલટે સુરક્ષિત લેન્ડિંગ માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ અસફળતા મળી હતી. ત્યાર બાદ વિમાનને ફરી આકાશમાં લઈ જવામાં આવ્યું હતું અને અલગ-અલગ ડાયરેક્શનમાંથી લેન્ડ કરાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ તકનીકી કારણસર લેન્ડિંગમાં મુશ્કેલી પડતા વિમાનને ફરી અમદાવાદ લાવવામાં આવ્યું હતું અને ૨:૪૦ કલાકે સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

# પાકિસ્તાનમાં હિંદુ પત્રકાર અજય લાલવાનીની ગોળી મારી હત્યા

કરાચી,તા.૨૧

પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં હિંદુ પત્રકાર અજય લાલવાનીની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી છે. અજય લાલવાની વાળ કપાવી રહ્યો હતો તે સમયે બે બાઈક અને એક ગાડીમાં આવેલા હુમલાખોરોએ આડેધડ ગોળીઓ ચલાવીને તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. અજય લાલવાની એક સ્થાનિક ન્યૂઝ ચેનલ અને ઉર્દુ ભાષાના સમાચાર પત્ર 'ડેઈલી પુચાનો'ના રિપોર્ટર હતા. તેઓ ગુરૂવારે સુક્કુર શહેરની એક દુકાનમાં વાળ કપાવવા પહોંચ્યા તે સમયે તેમના પર ગોળીબાર થયો હતો. ઈજાગ્રસ્ત લાલવાનીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો પરંતુ પેટ, બાજુઓ અને ઘૂંટણમાં ગોળી વાગવાના કારણે તેમનું મોત થયું હતું.

અજયના પિતાએ અંગત દુશ્મનાવટના કારણે હત્યા થઈ હોવાના સમાચારને રદિયો આપ્યો હતો. આ તરફ પોલીસે ૩ અજ્ઞાત ગુનેગારો વિરૂદ્ધ ફરિયાદ નોંધીને કેસની તપાસ શરૂ કરી છે અને તે વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે.

# સાંસદ મોહન ડેલકર આત્મહત્યા કેસમાં દેશમુખે દબાણ કર્યું હોવાનો પરમબીર સિંહનો આરોપ

મુંબઈ,તા.૨૧

મહારાષ્ટ્રમાં એન્ટિલિયાની બહાર જિલેટિનની સ્ટિક મળી આવ્યાનો કેસ અને મનસુખ હિરેનના મોત મામલે રાજકીય ગરમાવો આવી ગયો છે. શનિવારે મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે મહારાષ્ટ્રના ગૃહમંત્રી અનિલ દેશમુખ પર ગંભીર આરોપ લગાવ્યા. તેમણે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને એક પત્ર લખ્યો, જેમાં કહેવામાં આવ્યું કે અનિલ દેશમુખ દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા માંગતા હતા. પત્રમાં તેમણે બીજા પણ અનેક ગંભીર આરોપ લગાવ્યા છે. જેમાં એક આરોપ દાદરા અને નગર હવેલીના સાંસદ મોહન ડેલકરના મોત અંગે છે.

પરમબીર સિંહે પત્રમાં દાદરા અને નગર હવેલીના સાંસદ મોહન ડેલકરના આત્મહત્યા કેસમાં પણ દબાણ સર્જવાનો આરોપ લગાવ્યો છે. પરમબીર સિંહના આરોપ મુજબ ગૃહમંત્રી અનિલ દેશમુખ પહેલા જ દિવસથી નહોતા ઈચ્છતા કે આત્મહત્યા માટે ઉક્સાવવાનો કેસ દાખલ થાય.

પરમબીર સિંહે મોહન ડેલકર આત્મહત્યા કેસને લઈને પત્રામાં લખ્યું કે, મેં કેટલાક કાયદાના જાણકાર લોકોના મત લીધા અને એવું સામે આવ્યું કે અબેટમેન્ટ ઓફ સ્યૂસાઈડનો કેસ જો થાય તો પણ તે દાદરા અને નગર હવેલી સાથે જોડાયેલો છે. જેથી ત્યાંની પોલીસે આ મામલે તપાસ કરવી જોઈએ. ગૃહમંત્રીના દબાણ છતાં જ્યારે મે આ કેસમાં અબેટમેન્ટ ઓફ સ્યૂસાઈડનો કેસ દાખલ ન કર્યો તો મારે તેમની નારાજગી સહન કરવાનો વારો આવ્યો હતો.

## ઉદ્ધવ સરકાર પર ભાજપનું નિશાન

# મહારાષ્ટ્રના ગૃહ મંત્રીનું લક્ષ્ય ૧૦૦ કરોડ હતુ, તો બાકીના મંત્રીઓનું કેટલું હતુ?

વડોદરા,તા.૨૧

મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે લખેલા લેટર બોમ્બ બાદ હવે મહારાષ્ટ્રમાં ઉધ્ધવ ઠાકરેની સરકાર પર ભાજપે એક પછી એક હુમલા શરુ કર્યા છે.

આખા દેશમાં ચકચાર મચાવનાર આ મામલામાં પરમબીર સિંહે પોતાના પત્રમાં ખુલાસો કર્યો હતો કે, મને ગૃહ મંત્રી અનિલ દેશમુખે મુંબઈમાંથી દર મહિને ૧૦૦ કરોડ ઉઘરાવવા માટે ટાર્ગેટ આપ્યો હતો.આ સંદર્ભમાં આજે કેન્દ્રીય મંત્રી રવિ શંકર પ્રસાદે પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યુ હતુ કે, આ ભ્રષ્ટાચાર નથી બલ્કે ઉઘાડી લૂંટ છે.ખંડણી માંગવી એક અપરાધ છે અને આ મામલામાં જો શરદ પવારને બ્રિફિંગ કરાઈ રહ્યુ છે ત્યારે સવાલ ઉભો થાય છે કે, સરકારમાં તો શરદ પવાર છે નહીં તો તેમને કેમ જાણકારી આપવામાં આવી રહી છે અને એક સવાલ એ પણ છે કે, શરદ પવારે પોતાના સ્તરે શું કાર્યવાહી કરી..આ અપરાધને રોકવા માટે તેમણે કોઈ પગલા ભર્યા હતા ખરા?

તેમણે કહ્યુ તહુ કે, શરદ પવારની ચૂપ્પી અને ઉધ્ધ ઠાકરેની શાંતિ તથા મુંબઈ પોલીસના સસ્પેન્ડ અધિકારી સચિન વાજેનો બચાવ કરવાની હરકતે ઘણા સવાલો ઉભા કર્યા છે.સચિન વાજે એક આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર હતો અને તેને ક્રાઈમ બ્રાન્ચનો ચાર્જ અપાયો હતો.એક તરફ સચિન વાજેને મુખ્યમંત્રી ઠાકરે બચાવે છે અને બીજી તરફ હોમ મિનિસ્ટર કહે છે કે, મને ૧૦૦ કરોડ રુપિયા ઉઘરાવીને આપો.આ બહુ ગંભીર મામલો છે.તેની ગંભીર તપાસ જરુરી છે.કારણકે તેમાં શરદ પવાર અને મુંબઈ પોલીસની ભૂમિકા છતી થશે.

પ્રસાદે કહ્યુ હતુ કે, એક સચિન વાજે પાસે આવા બીજા કેટલા કામ કરાવવામાં આવ્યા હતા...એક ઈન્સ્પેક્ટરને મુખ્યમંત્રી બચાવે તેવુ દેશમાં મેં બીજે ક્યાંય જોયુ નથી.આખરે વાજેને બચાવવામાં શું મજબૂરી છે.વાજેના પેટમાં એવા કયા રહસ્યો છુપાયેલા છે.આ વાતને સમજવી પડશે.

પ્રસાદે સવાલ ઉઠાવ્યો હતો કે, અનિલ દેશમુખ મહિને ૧૦૦ કરોડ પોતાના માટે ઉઘરાવી રહ્યા હતા કે પોતાની પાર્ટી એનસીપી માટે કે પછી ઠાકરે સરકાર માટે ? આનો જવાબ શરદ પવાર અને ઉધ્ધવ ઠાકરેએ આપવો પડશે.ઠાકરે સાહેબ જાહેર કરે કે આખા મહારાષ્ટ્રનો શું ટાર્ગેટ હતો.બીજા મંત્રીઓએ પણ કેટલા ટાર્ગેટ નક્કી કર્યા હતા.આ ઉઘાડી લૂંટ છે.

તેમણે કહ્યુ હતુ કે, જય મહારાષ્ટ્ર શબ્દ આપનારા બાલાસાહેબ ઠાકરેના પુત્ર ઉધ્ધવ ઠાકરેએ બેઈમાનોની સરકાર બનાવીને પોતાના પિતાની ગરીમાને ઝાટકો આપ્યો છે. ઉધ્ધવ ઠાકરેની સરકાર સત્તા પર રહેવાનો અધિકાર ગુમાવી ચુકી છે.

# દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની, ભારત ચોથા સ્થાને

બીજિંગ,તા.૨૧

સંરક્ષણને લગતા મુદ્દાઓ પર પ્રકાશ ફેંકતી વેબસાઈટ મિલટરી ડાયરેક્ટ દ્વારા આજે જાહેર કરાયેલા એક અભ્યાસના તારણઓ પ્રમાણે દુનિયામાં સૌથી શક્તિશાળી સેના ચીનની છે.જ્યારે ભારત ચોથા સ્થાને છે. આ અભ્યાસમાં કહેવાયુ છે કે, સેના પર ભારે ખર્ચ કરી રહેલુ અમેરિકા દુનિયામાં બીજા ક્રમે છે.જ્યારે રશિયા ત્રીજા અને ભારત ચોથા ક્રમે છે.પાંચમા ક્રમે ફ્રાન્સ છે.જ્યારે બ્રિટન નવમા ક્રમે છે.

આ સર્વેક્ષણમાં સેના માટેનુ બજેટ, સૈનિકોની સંખ્યા, પરમાણુ હથિયારો તેમજ પરંપરાગત હથિયારો, સૈનિકોને અપાતો સરેરાશ પગાર જેવા મુદ્દાઓને સામેલ કરીને રેક્કિંગ તૈયાર કરવામાં આવ્યુ છે.ચીનની સેનાને ૧૦૦માંથી ૮૨ પોઈન્ટ મળ્યા છે અને તેને દુનિયાની સૌથી શક્તિશાળી સેના જાહેર કરાઈ છે.

# પંજાબના મોહાલીમાં મર્સિડિઝે ૬ લોકોને કચડ્યા: ત્રણના મોત, ૩ ગંભીર રીતે ઘાયલ



મોહાલી,તા.૨૧

પંજાબના મોહાલીમાં પુરપાટ ઝડપે આવતી એક મર્સિડીઝ કારે ૬ લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા હતા. રાધાસ્વામી ચોક પર થયેલી આ ઘટનામાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. જ્યારે અન્ય ૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોને સારવારા માટે હોસ્પિટલમાં ભરતી કરાવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને તપાસ શરૂ કરી હતી. આજે મર્સિડિઝના ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જોઈએ તો, આ ઘટના શનિવારના રોજ થઈ છે. ત્યાં હાજર લોકોને જણાવ્યા અનુસાર પૂરપાટ ઝડપે આવતી મર્સિડીઝે સૌથી પહેલા આર્ટિકા ગાડીને ટક્કર મારી હતી. મર્સિડીઝે જે આર્ટિકાને ટક્કર મારી હતી, તેમાં ચાર લોકો સવાર હતા. ત્યાર બાદ કાર સાયકલ પર જઈ રહેલા બે વ્યક્તિને કચડી નાખ્યા. કહેવાય છે કે, જે સમયે આ ઘટના બની તે સમયે મર્સિડીઝ ગાડીમાં ત્રણ લોકો સવાર હતા. ઘટના સમયે મર્સિડીઝની ઝડપ ખૂબ વધારે હતી. જેના કારણે ડ્રાઈવરે ગાડી પર સંતુલન ખોઈ દીધુ હતું.

મર્સિડીઝમાં લગાવેલી એર બેગ ખુલી જવાના કારણે તેમા સવાર તમામ લોકો માંડ માંડ બચી ગયા હતા. જો કે, તેમની લાપરવાહીના કારણે આ દુર્ઘટના થતાં ત્રણ લોકોના મોત થયા હતા. ઘટનામાં જે લોકોના મોત થયાં છે, તેમાં રામપ્રસાદ નિવાસી મટૌર, અંકુશ નરુલા નિવાસી જીરકપૂર તથા ધર્મપ્રીત નિવાસી ગામ ધોલૂમાઝરા શામેલ છે. ઘાયલ થયેલા લોકોમાં પ્રદીપ કુમાર, શ્રીપાલ વર્મા, હરીશ કુમાર શામેલ છે. ત્યારે હવે પોલીસે આ કારના ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. દુર્ઘટના પાછળ ક્યાં કારણો જવાબદારી છે, તેની હાલમાં તપાસ ચાલુ છે.

**નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એક્ટીવીસ્ટ તથા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સે.-૨૮ના સંયુક્ત ઉપક્રમે ઈન્ડીયન રેડક્રોસના સહયોગથી**

# રાષ્ટ્રીય શહીદ દિન (તા. ૨૩-૦૩-૨૦૨૧)ના રોજ બ્રહ્માકુમારીઝ, સે. ૨૮ ખાતે 'રાષ્ટ્રવાદી રક્તદાન શિબિર'નું આયોજન

**સમગ્ર દેશમાં ૨૮ રાજ્યો, ૮ સંઘ પ્રદેશો, ૧૫૦૦ સ્થળોએ ૯૦૦૦૦ જેટલા બ્લડ યુનિટ ઉભા કરવામાં આવશે અને તેવી રીતે આ ગીનીઝ વર્લ્ડ બુકમાં તેની નોંધણી થશે.**

ગાંધીનગર

નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એક્ટીવીસ્ટ તથા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય શહીદ દીન, તા. ૨૩-૦૩-૨૦૨૧, મંગળવાર સવારે ૭.૦૦ ક્લાકે 'સંવેદના' નામક્ 'રાષ્ટ્રવાદી રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં ૧૫૦૦ બ્લડ ડોનેશન કેમ્પ યોજવાના છે જેનું દિલ્લી ખાતે ઉદ્ઘાટન આદરણીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી કરવાના છે.

બ્રહ્માકુમારીઝ, સેક્ટર-૨૮ ખાતે યોજાનારા આ બ્લડ

**આઝાદીના અમૃત મહોત્સવના ભાગરુપે રાષ્ટ્રીય શહીદ દિને યોજાઈ રહેલ સંવેદનાસભર રાષ્ટ્રવાદી રક્તદાન શિબિરો કોરોના કાળમાં રક્તની ઉણપ દૂર કરી વીર શહીદોને અંજલિ આપવાનો અમારો પ્રયાસ છે - શ્રી સંજીવ મહેતા, પ્રમુખ ગુજરાત એકમ**



ડોનેશન કેમ્પનું ઉદ્ઘાટન માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ કરશે. આ પ્રસંગે ગુજરાત રાજયનાં પૂર્વ ગૃહમંત્રી શ્રી રજનીભાઈ પટેલ તથા રાષ્ટ્રીય યુવા અગ્રણી માનનીય શ્રી અમીતભાઈ ઠાકર, મેયર શ્રીમતી રીટાબેન પટેલ તથા સામાજીક અગ્રણી માનનીય શ્રી રૂચીરભાઈ ભટ્ટ, નેશનલ ઈન્ટીગ્રેટેડ ફોરમ ઓફ આર્ટીસ્ટ એન્ડ એક્ટીવીસ્ટના ગુજરાત પ્રમુખ શ્રી સંજીવ મહેતા ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા ધાંધલ, શ્રીમતી બરખાબેન જહા, શ્રીમતી પ્રવિણાબેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આર્શીવચન બ્રહ્માકુમારીઝ, સે. ૨૮ના સંચાલિકારાજયોગીની બી.કે. કૈલાશ દીદી પાઠવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વીર શહીદ ભગતસિંહ, સુખદેવ અને રાજયગુરુ તથા દિવંગત્ પૂજ્ય દાદી હૃદયમોહીનીજી

**नशा न करें - रक्तदान करें - आदरणीय बी. के. कैलाशदीदी**

**પૂજ્ય દાદી હૃદયમોહીનીજી (ગુલઝાર દીદી)ને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના ઉદ્દેશ્ય સાથે બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરવા બી.કે. કૈલાશ દીદીનું આહ્‌વાન**



(ગુલઝાર દીદી)ને શ્રધ્ધાંજલી કાળમાં ઉભી થતી રક્તની ઉણપની પૂર્તિ કરવાનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે.સમગ્ર દેશમાં ૧૫૦૦ બ્લડ ડોનેશન કેમ્પ યોજાવાના છે જેનું ઉદ્ઘાટન દિલ્હી ખાતે આદરણીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી કરવાના છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વીર શહિદ ભગતસિંહ, સુખદેવ તથા રાજયગુરુ તથા થોડા સમય પહેલા દેવનિશ્રામાં પોઢેલ સ્વ. દીદી ગુલઝાર દીદી (હૃદય મોહિનીજી)ને શ્રધ્ધાંજલી આપવા સાથે કોરોના કાળમાં રક્તની ઉણપની પૂર્તિ કરવાનો મુખ્ય ઉદ્દેશ રહેલો છે.

બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં ઈન્ડીયન રેડક્રોસ, ગાંધીનગર જિલ્લો, નેશનલ ઈન્ટીગ્રેટેડ મેડીકલ એસોશીએશન, યુવા દિશા કેન્દ્ર, રોટરી ક્લબ ઓફ કેપિટલ - ગાંધીનગર, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, સંસ્કૃતિ સંસ્થા વગેરે જોડાયેલી છે. સવારે ૭ થી બપોરે ૨ ક્લાક સુધી યોજાનારા આ બ્લડ ડોનેશન કેમ્પમાં રક્તદાન કરવા બી.કે. કૈલાશ દીદીએ આહ્‌વાન કર્યું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા રેડક્રોસનાં ચેરમેન શ્રી જીલુભા ધાંધલ, શ્રી કશ્યપ નિમાવત, રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના શ્રી પાર્થ ઠક્કર વગેરે જહેમત લઈ રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર દેશમાં ૨૮ રાજ્યો, ૮ સંઘ પ્રદેશો, ૧૫૦૦ સ્થળોએ ૯૦૦૦૦ જેટલા બ્લડ યુનિટ ઉભા કરવામાં આવશે અને તેવી રીતે આ ગીનીઝ વર્લ્ડ બુકમાં તેની નોંધણી થશે.

# કોંગ્રેસ નેતા કમલનાથે ચૂંટણી બેલેટ પેપરથી કરવાની માંગ કરી

ઈન્દોર,તા.૨૧

દેશના પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે કોંગ્રેસે ફરી એક વખત ઈવીએમ પર સવાલો ઉભા કર્યા છે. એક ટીવી કાર્યક્રમમાં કોંગ્રેસના નેતા અને મધ્યપ્રદેશના પૂર્વ સીએમ કમલનાથે કહ્યુ હતુ કે, ઈવીએમનુ ચક્કર શું છે.

મારે દેશની જનતાને પૂછવુ છે કે ઈવીએમથી જ ચૂંટણી કરવા માટે ભાજપ જીદ કેમ કરતી હોય છે? ઈવીએમમાંથી એવી તો કઈ ખૂશ્બુ આવે છે. જો તમે ચૂંટણી જીતવાના હોય તો બેલેટ પેપરથી ચૂંટણી કરવાની જીતો.ભાજપ કોંગ્રેસના વોટ નહીં પણ જનતાના વોટ લૂંટી રહી છે.કમલનાથે આગળ કહ્યુ હતુ કે, લોકસભા ચૂંટણીમાં પોતાને બચાવવા માટે ભાજપે ચોક્કસ બેઠકો પર ઈવીએમ સાથે છેડછાડ કરી હતી.રાજસ્થાનમાં પણ એવુ જ થયુ હતુ.કોંગ્રેસ બેલેટ પેપરથી ચૂંટણી કરવા માટે અભિયાન ચલાવશે.

## પરમબીર સિંહના લેટર બોમ્બ બાદ મહારાષ્ટ્રમાં ભૂકંપ

# પહેલા આતંકી બોમ્બ રાખતા હતા આજે પોલીસ પાસે રખાવાય છે: રાજ ઠાકરે



મુંબઈ,તા.૨૧

મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર પરમબીર સિંહે ફોડેલા લેટર બોમ્બ બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ધરતીકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે.

દરમિયાન ભાજપની સાથે સાથે હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેએ પણ સરકાર પર હુમલો કરતા કહ્યુ છે કે, કોઈ ગૃહ મંત્રી કોઈ પોલીસ અધિકારીને ૧૦૦ કરોડ વસુલ કરવા માટે આદેશ આપે તેવુ મેં મારી જિંદગીમાં સાંભળ્યુ નથી.મહારાષ્ટ્ર તો ઠીક છે પણ દેશમાં પણ ક્યાંય આવુ થયુ નહીં હોય.

રાજ ઠાકરેએ ગૃહ મંત્રી અનિલ દેશમુખને સવાલ કર્યો હતો કે, જો તમારા મતે પોલીસ કમિશનર પોતાને બચાવવા માટે આ પ્રકારના આરોપ લગાવતા હોય તો અને તે જો સચિન વાજેની સાથે મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મુકવામાં સામેલ હોય તો આ મામલાની તપાસ પહેલા કેમ ના કરાવી, કેમ પરમબીરસિંહને પહેલા પદ પરથી ના હટાવાયા અને કેમ તેમની બદલી ના કરી ?અનિલ દેશમુખ પોતાની જવાબદારીઓમાંથી છટકી શકે તેમ નથી.તેમણે તરત જ રાજીનામુ આપી દેવુ જોઈએ અને જો તે રાજીનામુ આપવા તૈયાર ના હોય તો તેમને આ માટે ફરજ પાડવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે, પહેલા આતંકીઓ બોમ્બ મુકતા હતા અને હવે ખબર પડી કે પોલીસ બોમ્બ મુકે છે.પોલીસે કોના કહેવા પર વિસ્ફોટકો ભરેલી કાર મુકી તેની તપાસ થવી જોઈએ. કોઈ મોટા વ્યક્તિના આદેશ વગર સચિન વાજેએ મુકેશ અંબાણીના ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મુકી હોય તે શક્ય નથી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:004**
વિષયઃ શિક્ષણ ,કેળવણી,તાલીમ, ભણતર અને અભ્યાસ
શીર્ષકઃ ભણ્યો પણ ગણ્યો નહિ.

ભણતર એટલે શાસ્ત્રીકાકા માટે મુદ્દાનો પાયો, જીવનમાં ભણતર નહિ ત્યાં ગણતર નહિ, માનનારા તેમનો દીકરો પોપટ હતો ભણવામાં પણ કાકાને કોણ જાણે કેમ સંતોષ જ નહોતો. મારી મારી બે માર્કસ એછા આવે તો અધમૂઓ કરી દેતા. દીકરો આશુ પણ નઠારો થઈ ગયો હતો. માર ખાઈ લેતો પછી પાછો ફરિયાદ કે દાદ પણ કરતો ન માંગતો.

બાજુમાં રહેતા ગંગામાનો રોશન ભણવામાં ઢીલો પણ કર્તવ્યનો પાક્કો હતો, તે ક્યારેય ગામમાં કોઈની હાકલ પડે ના પહોંચે એવું બને જ નહિ. ઘણીવાર ગંગામાનો જીવ તે અધ્ધર કરી દેતો. ત્યારે ગંગામાનાં હાથે ઝાડૂએ ને ઝાડૂએ માર ખાતો. ક્યારેય તેણીનો હાથ ન પકડી લેતો, માર ખાઈને પણ એનો એ જ રહેતો. આમને આમ વર્ષો વિતતાં ગયાં અને બન્ને મોટા થતાં ગયાં. રોશનનું ભણવાનું હવે ધીરે ધીરે છૂટતું ગયું, બાપાની ખેતીમાં વધુ ને વધુ ધ્યાન આપતો થઈ ગયો.
તેણે તેમાં રસ પણ હતો.

આશુને શાસ્ત્રીકાકાએ અભ્યાસ માટે શહેરમાં મૂક્યો બસ પછી તો જોવાનું જ શું? પૈસા અને છૂટ બન્નેને
લીધે તે બેકાબૂ થઈ ગયો.ઘરે આવવું નહિ મહિને બે મહિને પૈસાની માંગણી કરવીને ભણતરનાં નામે બાપને છેતરવા. ત્રણ વરસ વીતી ગયા..ભણતરનાં છેલ્લા વરસે
આશુએ પરદેશ ભણવા જવાનું તૂત ઉભુ કર્યુ. શાસ્ત્રીકાકાએ તેને પરદેશ મોકલવા વધુ ને વધુ પાઠપૂજાનાં ચક્કરો ગામડે ગામડે મારવા માંડ્યાં. તેને મોકલ્યો પણ.

રોશને ખેતીમાં ગામમાં નવીન પ્રયોગો કરી આવડત પ્રમાણે કાર્ય કરતો રહ્યો એની પાસે શિક્ષણ હતું ,પણ ગંગામાની કેળવણી ને તાલીમ પણ હતાં. ધીરે ધીરે આજુબાજુનાં ગામોમાં પણ તેની આ પ્રસિદ્ધિ એટલી થઈ કે તેને ગામનાં સરપંચ તરીકે ચૂંટવામાં આવ્યો.તેના આ પરિશ્રમથી ગામનું નામ ચોરેનેચૌટે ખ્યાતિ પામ્યું. તેણે
ગામની શકલસૂરત બદલી નાંખી.

શાસ્ત્રીકાકા આ બધું જોઈ પોતાની કેળવણીને જબરજસ્તીના અભ્યાસ માટે ખૂબ પસ્તાવો કરતા રહ્યાં. આશુ આજે આવશે કાલે આવશેની આશામાં ને આશામાં તેમનું ઘડપણ વિતાવતાં રહ્યાં. જીવનમાં તેઓ હારી ચૂક્યા. ગણત્રીમાં પાછા પડ્યા.

અહીં મારે આ વાર્તા દ્વારા એટલું જ કહેવું છે ડરથી કે જબરજસ્તીથી અપાતી કેળવણી સરકસના રીંગમાસ્ટર જેવી છે, ક્યારેક કમાન છટકે તો જાનવર રીંગમાસ્ટરની સામે થાય, તેવી જ રીતે મનથી કરેલી ને રૂચી પ્રમાણે મળેલી કેળવણી માનવીને સૌમ્ય અને કર્મનિષ્ઠ બનાવે છે

જયશ્રી પટેલ

----------------------------------------

**NOG no. - 0063**
NOG. સાહિત્ય સરિતા
વિષય - શિક્ષણ
વિભાગ - ગદ્ય
પ્રકાર - લેખ
શિક્ષણ.
શિક્ષણની જરૂરિયાત.
કેવા પ્રકારનું શિક્ષણ?
કોણ આપશે આ શિક્ષણ?

શિક્ષણ શબ્દનો જ્યારે પણ ઉલ્લેખ થાય,એટલે સૌથી પહેલાં માતા-પિતા અને પછી શિક્ષકોની તરફ આંગળી તાકવામાં આવે.
હા,આ બન્નેનો આપણા જીવનઘડતરમાં બહુ મોટો અને મહત્વનો ફાળો છે. સમાન ભણતર અને ગણતર મેળવવા છતાંય કેમ બધાંનાં વાણી ,વર્તન અને વિચારો અલગ હોય છે અથવા અલગ વિકસે છે?
ઘણાં તબક્કે જોયું કે વ્યક્તિ સાંભળે,સમજવાનો ડોળ પણ કરે.પરંતુ, અમલમાં મુકવામાં ક્યાંક ચૂકી જાય છે!
બહેન આયેશાને મુશ્કેલીમાં પરિવારનો સાથ મળ્યો જ હતો. પરંતુ, કોઈ વ્યક્તિ વિશેષ પાસેથી વધુ અપેક્ષા, ક્ષણિક આવેગ, ઝઝૂમવાની તાકાત અને જીવનમાં જીજીવિષાની ઊણપે એક વ્યક્તિ દ્વારા અપાયેલા આઘાત અને અવહેલનાએ એને તોડી નાખી. મારા, તમારા જેવી દરેક સંવેદનશીલ વ્યક્તિ દિવસો સુધી ઉંઘી નહીં શકી હોય. આપણે કંઈક ચૂકી ગયાં,કશેક નાપાસ થયાની લાગણી અનુભવીએ છીએ.
ત્યારે થાય કે, ક્ષણિક આવેગો, અણધારી મુશ્કેલ પરીસ્થિતિ વગેરે સામે લડતાં કોણ શીખવે?
આપણી માનસિકતા અહીં બહું મોટો ભાગ ભજવે છે. ખરાબમાં ખરાબ સંજોગો પણ હંમેશાં નથી જ રહેતા. વૈચારિક મજબૂતી વડે ગમે તે પરિસ્થિતિમાંથી રસ્તો કાઢીજ શકાય. એ પ્રકારની માનસિકતા જો સંસારમાં ઉજાગર થઈ શકે કે કરી શકાય, તો ઘણી આયેશાને ઉત્તમ જીવનરાહ માટે ઉર્જા આપી શકાય. ફ્રસ્ટ્રેશન, ડિપ્રેશન જેવા શબ્દો, એ સામાન્ય જનજીવનનો જાણે ભાગ બની ગયા છે. જીવનમાં મુશ્કેલી, નિરાશા, ક્ષોભજનક સંજોગો વગેરે આવવાનાં જ છે. પરંતુ, જ્યારે આખેઆખા કુટુંબો હારી ને અઘટિત પગલું ભરે, વિદ્યાર્થીઓ નાસીપાસ થઈ અનમોલ જીવનથી હાર સ્વીકારે..ત્યારે થાય કે આપણી, આ સમાજની ક્યાંક સમજણરૂપી શિક્ષણ કેળવણીમાં બહુ મોટી ચૂક રહી ગઈ છે. શાળા અને સમાજમાં 'યોગ્ય' ભણતર અને ગણતર બન્નેની સવિશેષ તાતી જરૂરિયાત છે.
તો ચાલો, આજે આપણે એક સંકલ્પ કરીએ, 'નિસ્વાર્થભાવે હું કોઈપણને માનસિક મજબૂતી માટે શક્ય એટલી મદદ કરીશ અને એક ઉજવળ સમાજઘડતરમાં ફાળો આપીશ.'
કારણ કે,
'સંકલ્પથી સિદ્ધિ અવશ્ય મળે છે.'

રીટા ભાયાણી, મીઠાપુર.

----------------------------------------

**NOG SS no:: 87**
વિષય ::અભ્યાસ, શિક્ષા
વિભાગ ::ગદ્ય
પ્રકાર ::લેખ
શીર્ષક ::ભણતર નું મહત્વ

ન ચોર હાર્યમ્ ન ચ રાજા હાર્યમ્
ન ભ્રાતૃભાજ્યં ન ચ ભારકારી,
વ્યયે કૃતે વર્ધતે એવ નિત્યમ
વિદ્યાધનમ સર્વધનં પ્રધાનમ્

અથાર્ત વિદ્યારુપી ધન કોઈ ચોરી શકતું નથી, રાજા લઇ શકતો નથી. એનો કોઈ ભાર નથી અને ખર્ચ કરવાથી વધે છે. ખરેખર વિદ્યારૂપી ધન સર્વશ્રેષ્ઠ છે. ભણતર દ્વારા માનવનું ઘડતર થાય છે. ભણેલી ગણેલી વ્યક્તિ સમાજમાં માન સન્માન મેળવે છે. આવી વ્યક્તિ બદલાતી પરિસ્થિતિ સાથે તાલ મેળવી શકે છે.વિદ્યા માણસને સુસંસ્કૃત બનાવે છે. ભણવાથી માનવી આપણી આસપાસ વિસ્તરેલી દુનિયા પ્રત્યે સભાન બને છે. સુશિક્ષિત સમાજના વાણી, વર્તન શિસ્તબદ્ધ હોય છે. માણસે વિદ્યાભ્યાસ દ્વારા જ વિકસિત અને સુખી જીવન પ્રાપ્ત કર્યું છે. કહેવાય છે ને કે વિદ્યા વિહીન નર પશુ. અથાર્ત વિદ્યાવિહીન માણસમાં અને પશુ, પક્ષીમાં કોઈ ફરક નથી.
કુટુંબની જવાબદારી નિભાવવા માટે, આજીવિકા મેળવવા માટે વિદ્યા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે.
મહિલાઓ શિક્ષિત થશે, આર્થિક રીતે મજબૂત થશે તો ગરીબી ઘટશે. મહિલા શિક્ષિત હશે તો તે વધારે સારી રીતે બાળકોનો ઉછેર કરશે. શિક્ષિત મહિલા એક સારી માતા,એક સારી કર્મચારી અને એક સારી દેશનિવાસી હશે. આપણી આબાદીનો અડધો ભાગ મહિલાઓ છે તેથી તેમનું પણ દેશના વિકાસમાં યોગદાન જરૂરી છે.
મોંઘવારીના આ યુગમાં શિક્ષા એક વરદાન છે. મધ્યમવર્ગીય પરિવારોમાં ખર્ચા પૂરા કરવામાં શિક્ષિત મહિલા મદદ કરે છે. રથનાં બે પૈડાં સમાન સ્ત્રી પુરુષ બંને નોકરી કરે તો ઘરની આર્થિક સમૃદ્ધિ વધે છે.
શિક્ષિત વ્યક્તિના વિચારો વિસ્તૃત હોય છે.સમાજની આવશ્યકતા અને સમસ્યાઓથી તેઓ પરિચિત હોય છે. તેઓ સત્ય, અસત્યનો ભેદ પારખી શકે છે તથા પરિવાર અને દેશ માટે સારા નિર્ણયો લઇ શકે છે. આ રીતે સમાજ પ્રભાવિત થાય છે અને સામાજિક પરિવર્તન આવે છે.સામાજિક ક્રાંતિ વિદ્યાભ્યાસ વિના શક્ય નથી.
મહિલા એક શક્તિ સ્વરૂપ છે બસ એને પૂરતી તક મળવી જોઈએ. પરિવારોમાં છોકરીઓનાં દહેજ માટે પૈસા ભેગા કરવા કરતા તેમના શિક્ષણ માટે પૈસા ખર્ચ કરવા જોઈએ. શિક્ષણ છોકરીઓને આત્મનિર્ભર બનાવે છે. શિક્ષિત મહિલા આર્થિક રીતે સ્વતંત્ર હશે. જીવનનાં પડકારો ઝીલવા સક્ષમ હશે. પોતાના અધિકારો વિશે સભાન હશે.શિક્ષિત મહિલાઓમાં એક અજબ આત્મવિશ્વાસ હોય છે.જો માતા સુશિક્ષિત હશે તો સંતાન પણ સુશીલ અને સુશિક્ષિત હશે. શિક્ષિત ગૃહિણી શિક્ષણનું મહત્વ જાણે છે.
એક પુરુષને શિક્ષિત કરવાથી રાષ્ટ્રનો એક ભાગ જ શિક્ષિત થશે જ્યારે એક સ્ત્રીને શિક્ષિત કરવાથી પૂરો દેશ શિક્ષિત થશે.
વંદના દયાળ, (સુરત)

----------------------------------------

વિશ્વ ચકલી દિવસ
**NOG SS NO:83**
વિષય : વિશ્વ ચકલી દિવસ

નાનપણમાં બહુ સતાવેલી
તેથી કદાચ મારાથી ભાગેલી.
રમવા મારી સાથે નથી આવતી
એ વગર કોઈ રમતું ન ફાવતી.
આયને મારી ચાંચ પજવતી
છબીઓ પાછળ માળા કરતી.
દાદી એની વાર્તા કરતી
એ વાર્તામાંથી સૌએ ભૂંસી નાખી?
ચી ચી કરતી ચકલી પીખી નાખી?
યાદ કરી બસ દિવસ ઉજવીએ
આવું ને આવું ક્યાં લગ કરીએ?
પાછા ધરોહર સંભાળવાનો ડોળ કરીએ?
ગરવી

----------------------------------------

**NOG 0079**
પ્રકાર પદ્ય
વિષય ચકી
શીર્ષક? સાંભળો

ચકલીનું ચી ચી સંભળાયું
પથારીમાંથી ઉઠવું પડ્યું
મનડું મારું મુંઝાયું
ચોખાનો દાણો લાવું
કે
મગની દાળ લાવું
ચાલને મનવા
ઘી ઉમેરી સરસ મજાની
ખીચડી આજે ખવડાવું
આવ રે ચકી ચકાની સંગે
ખીચડી તમને ખવડાવું
ખીચડી ઝાઝી બનાવી છે
મન થાય તો તમે પણ પધારશો
પ્રવિણા કડકિઆ

----------------------------------------

**NOG no - 0050**
પ્રકાર - મૌલિક કવિતા.
વિષય - વિશ્વ ચકલી દિવસ.

ચકી બેન , ચકીબેન..!
મારી ઘરે આવજોને રહેવા..!
ગમશે મને , ગમશે મને..!
તું આવને મારે ઘરે માળો બાંધવા તો ..!
ગમશે મને , ગમશે મને..!
ચણમાં આપીશ તારું ,
મનગમતું ખાણુ..!
નહી કહું તને કે ,
ચકીબેન ચોખાનો દાણો
લઈ આવ..!
ને નહી કહું ચકાભાઈ ,
તું દાળનો દાણો લઈ આવ..!
અમે તો ગળા બાવજી છીએ..!
રોજ ખવડાવીશ..!
શીરો ને લાપસી ..!
ખીર ને મોતીચુરના લાડુ !
આવશે મજા તને મારે ઘેર હોં કે..!
સાથે મળીને મીજબાની મનાવશું..!
તો આવીશને ચકીબેન..,
આવીશને ચકાભાઈ..!
હું પણ તો તારા જેવું પ્રભુએ બનાવેલો જીવ જ છું
તને મારી સાથે ફાવશે ને..!
રાગીની શુક્લ"રાગ"
(મુંબઈ, કાંદિવલી.)

----------------------------------------

**NOG SS No : 001**
પ્રકાર : ટૂંકી વાર્તા
શીર્ષક : સંચાલક ની સત્ય ઘટના......

મારે ચકા, ચકીનું વિશ્વ ચકલી દિન નિમિત્તે રચના મોકલવાનું આ ગ્રુપ ની ચકલીઓ અને ચકલાઓની એકદમ રચનાઓ આવવાનો મારો શરૂ થયો એટલે બધી રચનાઓ વાંચવા સાંભળવામાં રહી ગયું અને સમય પૂરો થઈ ગયો...પેપર બનાવવામાં સમય વાહી ગયો....અત્યારે .ભૂખ લાગી એટલે યાદ આવ્યું. હવે કહી દઉ...વાસ્તવિકતાની વાત...
મે કહ્યું ,"લે ચોખા અને લાય દાળ ખીચડી બનાવી જમીએ..."
ત્યાં જવાબ ફ્રૅર યુ ટ્યુબ ચેનલ ડાયરેક્ટર (મારા ધર્મ પત્ની મીનાક્ષી) આવ્યો ,"દાળ લાવાનો સમય નથી, ચકલી દિવસના વિડિઓ મોડા આવ્યા એટલે બનાવવામાં વ્યસ્ત છું.."પછી મે (સંચાલક) ચકા એ એકલાએ ચોખા નો તવા પુલાવ બનાવી જમવાનો વિચાર કર્યો.....એવામાં અમારી ચકી બોલી,"હમણાં ઊભા રહો રાહ જુવો...નહિ તો મુખ્ય નિર્ણાયક ને બોલાવી નિર્ણય લેવો પડશે."
બોલો હજુ પેટમાં બરાડા બોલે છે.
હવે પુલાવ કે ખીચડી?...
હવે એ ચકા અને ચકીની ખીચડીની વાર્તા જૂની થઇ ગઇ....હવે તો એટલે જ ભાજી પાઉ અને તવા પુલાવ,જીરા રાઈસ જાત જાતના દાળ વિનાના રાઈસ વધારે ચાલતા લાગે છે....દાળ તડકા,દાળ મખ્ખની,પીળી દાલ...
મારી આ વાસ્તવિક ઘટના ને મારી ચકલી દિવસની રચના....નિર્ણાયક દાદી.દીદી માન્ય રાખજો....

પ્રદીપ રાવલ....

## ચકલા ચકલીની વાર્તા ..




એક હતો ચકો અને એક હતી ચકી.

ચકી લાવી ચોખાનો દાણો અને ચકો લાવ્યો મગનો દાણો. ચકલીએ તો એની ખીચડી રાંધી. ચૂલે ખીચડી મૂકી ચકીબાઈ પાણી ભરવા ગઈ. ચકલાને એ કહેતી ગઈ :

'જરા ખીચડીનું ધ્યાન રાખજો. દાઝી ન જાય.”

ચકલો કહે : 'ઠીક.”

ચકી ગઈ પછી ચકલાને ભૂખ લાગી. ખીચડી કાચીપાકી હતી તો ય ચકાભાઈ ખાઈ ગયા. ખાધા પછી ચકલી ખીજાશે એવો ડર લાગ્યો એટલે ચકાભાઈ આંખે પાટા બાંધીને સૂઈ ગયા.

ચકીબાઈ પાણી ભરીને આવ્યા અને જૂએ તો ચકાભાઈ આંખે પાટા બાંધીને સૂતા હતા. ચકીએ પૂછ્યું : 'કેમ ઠીક નથી?”

ચકો કહે : 'મારી તો આંખો દુ:ખે છે એટલે હું આંખે પાટા બાંધીને સૂતો છું.”

ચકી પાણીનું બેડું ઉતારી રસોડામાં ગઈ. તપેલું નીચે ઉતાર્યું અને જોયું તો તેમાં ખીચડી ન મળે!

ચકી કહે : 'ચકારાણા, ચકારાણા! આ ખીચડી કોણ ખાઈ ગયું?”

ચકો કહે : 'મને તો કંઈ ખબર નથી. રાજાનો કૂતરો આવ્યો હતો તે ખાઈ ગયો હશે.”

ચકલી તો ગઈ રાજાની પાસે ફરિયાદ કરવા ગઈ. જઈને કહે

'રાજાજી, રાજાજી! તમારો કાળિયો કૂતરો મારી ખીચડી ખાઈ ગયો.”

રાજા કહે : 'બોલાવો કાળિયા કૂતરાને. ચકલીની ખીચડી કેમ ખાઈ ગયો?”

કૂતરો કહે : મેં ચકલીની ખીચડી ખાધી નથી. એ તો ચકાએ ખાધી હશે ને તે ખોટું બોલતો હશે.”

ચકો આવ્યો ને કહે : 'મેં ખીચડી નથી ખાધી. કૂતરાએ ખાધી હશે.”

રાજા કહે : 'એલા સિપાઈ ક્યાં છે? આ ચકલાનું અને કૂતરાનું બેઉનું પેટ ચીરો, એટલે જેણે ખીચડી ખાધી હશે એના પેટમાંથી નીકળશે.”

કૂતરો કહે : 'ભલે, ચીરો મારું પેટ; ખાધી હશે તો નીકળશે ને?”

પણ ચકલો બી ગયો. ખીચડી તો એણે જ ખાધી હતી. એ તો ધ્રૂજવા લાગ્યો અને બોલ્યો : 'ભાઈસાહ્બ! મારો ગુનો માફ કરો. ખીચડી તો મેં ખાધી છે પણ હું ખોટું બોલ્યો હતો.”

રાજા તો ખિજાયો એટલે એણે ચકલાને કૂવામાં નંખાવ્યો.

ચકલી તો કૂવા ઉપર બેઠી બેઠી રોવા માંડી. ત્યાં ગાયોનો ગોવાળ નીકળ્યો. ચકી કહે :

ભાઈ ગાયોના ગોવાળ
ભાઈ ગાયોના ગોવાળ
મારા ચકારાણાને કાઢો તો
તમને ખીર ને પોળી ખવડાવું

ગાયોનો ગોવાળ કહે : 'બાપુ હું કાંઈ નવરો નથી કે તારા ચકલાને કાઢું. મારે ઘણું કામ છે. હું તો મારે આ ચાલ્યો..”

એમ કહીને ગાયોનો ગોવાળ તો ચાલ્યો ગયો. ચકલી ત્યાં રાહ જોઈને બેઠી. થોડી વારે ત્યાંથી ભેંશોનો ગોવાળ નીકળ્યો. ચકી કહે :

ભાઈ ભેંશોના ગોવાળ
ભાઈ ભેંશોના ગોવાળ
મારા ચકારાણાને કાઢો તો
તમને ખીર ને પોળી ખવડાવું

ભેંશોના ગોવાળે તો ચકીને કોઈ દાદ આપી નહિ. થોડી વાર પછી ત્યાંથી એક સાંઢીયાની ગોવાળણ નીકળી. એને ચકલીની દયા આવી એટલે એણે ચકલાને કૂવામાંથી બહાર કાઢ્યો.

કૂવામાંથી બહાર નીકળ્યા પછી ચકલાને પોતે ખોટું બોલ્યાનો ઘણો પસ્તાવો થયો. ચકા ચકી બન્નેએ સાથે મળી સરસ મજાની ખીર ને પોળી બનાવી સાંઢીયાની ગોવાળણને પેટ ભરીને ખવડાવ્યું અને પોતે પણ ખાધું, પીધું ને મજા કરી.

અજ્ઞાત - રેખા શુક્લ.દ્વારા..અમેરિકા

----------------------------------------

નાનપણમાં બહુ સતાવેલી
તેથી કદાચ મારાથી ભાગેલી.
રમવા મારી સાથે નથી આવતી
એ વગર કોઈ રમતું ન ફાવતી.
આયને મારી ચાંચ પજવતી
છવીઓ પાછળ માળા કરતી
દાદી એની વાર્તા કરતી
એ વાર્તામાંથી સૌએ ભૂંસી નાખી?
ચીં ચીં કરતી ચકલી પીંખી નાખી?
યાદ કરી બસ દિવસ ઉજવીએ
આવું ને આવું ક્યાં લગ કરીએ?
પાછા ધરોહર સાંભળવાનો ડોળ કરીએ

ગરવી.....જ્યોતિ પરમાર.વડોદરા

## ભાજપ નેતા ઉમા ભારતીના કોંગ્રેસ પર પ્રહાર
# આગામી લોકસભા ચૂંટણી સુધીમાં કોંગ્રેસ રાહુલ, સોનિયા, પ્રિયંકા ગાંધી જ બચ્યા હશે

ન્યુ દિલ્હી,તા.૨૧

મોદી સરકારના પૂર્વ મંત્રી અને ભાજપના ટોચના નેતા ઉમા ભારતીએ કોંગ્રેસ પર પ્રહારો કરીને કહ્યુ છે કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણી આવશે ત્યાં સુધીમાં કોંગ્રેસમાં માત્ર રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને સોનિયા ગાંધી જ બચ્યા હશે.તેમણે કહ્યુ હતુ કે, કોંગ્રેસના બાકીના નેતા કાં તો ઘરે બેસી ગયા હશે અથવા તો જે લાયકાત ધરાવતા હશે તે ભાજપમાં આવી ગયા હશે.મધ્યપ્રદેશમાં કમલનાથ પોતાની સરકારને સાચવી શક્યા નહોતા.મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર કમલનાથ કે દિગ્વિજયસિંહના કારણે નહોતી બની.લોકોએ જયોરાદિત્ય સિંધિયાના નામે મત આપ્યા હતા.કોંગ્રેસે પોતાનો આ હીરો ગુમાવી દીધો છે.ઉમા ભારતીએ રાહુલ ગાંધીએ સલાહ આપતા કહ્યુ હતુ કે, રાહુલ ગાંધીએ શિસ્ત શીખવા માટે આરએસએસમાં જવુ જોઈએ.હું પશ્ચિમ બંગાળમાં પણ ચૂંટણી પ્રચાર માટે જઈશ.અહીંયા પણ ભાજપની સરકાર બનશે તે નિશ્ચિત છે.મમતા બેનરજીની વિદાય થશે.

# સાબરકાંઠામાં કોરોના વિસ્ફોટ: સહયોગ ટ્રસ્ટના ૩૯ વિદ્યાર્થીઓ સંક્રમિત

સાબરકાંઠા,તા.૨૧

ગુજરાતમાં કોરોના સંક્રમણના વધતા કેસ દિવસે દિવસે ચિંતા ઉપજાવનારા બની રહ્યા છે. અત્યાર સુધી મહાનગરોમાં કોરોનાનો કહેર વધી રહ્યો હતો. હવે ધીરે ધીરે નાના શહેર અને ગામડાઓમા પણ કોરોના ફેલાઈ રહ્યો છે. સાબરકાંઠાના સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટમાં એક સાથે ૩૯ વિદ્યાર્થીઓ અને એક રક્તપિતથી પીડીત મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આટલા વિદ્યાર્થીઓનો રિપોર્ટ પોઝિટિવ આવતા શાળા અને તંત્રમાં દોડધામ મચી ગઈ છે. પ્રાથમિક શિક્ષણ વિભાગ ધ્વારા સ્કુલ બંધ રાખવા આદેશ કરાયો છે.

મળતી માહિતી પ્રમાણે, મેઢાસણ આરોગ્ય કેન્દ્રમાં ટેસ્ટ કરાવતા સ્કૂલ અને છાત્રાલયના ૩૯ વિદ્યાર્થીઓને કોરોના પોઝિટિવ આવ્યો હતો. સહયોગના ૬થી ૧૦ના વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આજે પ્રાથમિક શાળાના આઠ શિક્ષકોનો ટેસ્ટ કરવામાં આવશે. ત્યારે ૩૯ વિદ્યાર્થીઓનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ સાથે એક રક્તપિતથી પીડિત મહિલાને પણ કોરોના પોઝિટિવ આવ્યો હતો.

હિમતનગરના રાજેન્દ્રનગરના સહયોગ કુષ્ઠરોગ ખાતે ૨૦ વિધાર્થિની અને ૧૯ વિધાર્થીઓનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા હડકંપ મચી ગયો છે. જેમા ૬થી ૮ના ૨૧ વિધાર્થીઓને કોરોના આવ્યો છે. પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા આ સ્કુલ બંધ રાખવા આદેશ કરાયો છે.

બીજી બાજુ જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ વિધાર્થીઓને કોરોના પોઝિટિવ આવ્યાની વાતથી જ અજાણ છે.

ગઈકાલે પણ આવા ચિંતાજનક સમાચાર છોટા ઉદેપુરમાંથી આવ્યા હતા. છોટાઉદેપુરના ચિચોડ ગામે ઉત્તર બુનિયાદી આદિવાસી આશ્રમ શાળામાં ૧૨ વિદ્યાર્થીઓ કોરોના સંક્રમિત થયા હતા. છોટા ઉદેપુરમાં કોરોનાના કેસમાં સતત વધારો થતા આશ્રમ શાળાના સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સહિત ૧૮૦ જેટલા રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

